












ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ માતાજી ની આરતી ઉતારી હતી.. રાજ્યના પૂર્વ સંસદીય સચિવ શ્રી પુનમભાઈ મકવાણા, ગાંધીનગર લાયસન્સ કલબના પ્રમુખ શ્રી રાજ ગોવડા, લાયોનેસ કલબના ચેર પર્સન શ્રીમતી દક્ષા જાદવ, લિયો ચેરમેન જયસિંઘાણી, જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, અને શિવરંજનીના પ્રમુખ શ્રી વાગ્મિનભાઈ બુચે પણ માતાજી ની આરતી ઉતારી હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ ઓરકેસ્ટ્રા ગોલ્ડન ચિયર્સના કલાકારોએ ગાંધીનગરના ખેલૈયાઓને ભારે મોજ કરાવી હતી.. અંબા અભયપદ દાયની રે...આદ્યશકિતની આરાધનાના પર્વમાં સૌ કોઈ શકિતની ભકિતમાં તરબોળ થયા છે. સેકટરોની શેરીઓમાં અને સંસ્થાકીય ગરબા મહોત્સવમાં સાંજ ઢળતા જ આસોની અજવાળી રાતના આછેરા અજવાળા વચ્ચે માંઈભકિતનો દિવ્ય નજારો જોવા મળે છે. જગમગતી રોશની વચ્ચે અવનવા શણગાર સજી ભાવિકો નવદુર્ગાની ભકિતમાં તલ્લીન થાય છે.નવદુર્ગાના પુજન સાથે શેરીઓમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. નાનાબાળકો , યુવાવર્ગ અને મોટેરાઓ પણ ચપટી તાળી અને ઠેસના ગરબાની રમઝટમાં જોડાય છે. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પણ અંબાજીથી લાવવામાં આવેલી માતાજીની દિવ્ય જયોતના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવે છે. લહેરાતી ધજાના થીમથી શુસોભિત ગરબા મેદાનમાં દિવ્ય જયોતના ઉજાસ વચ્ચે ખૈલેયાઓ ગરબે રમીને નવદુર્ગાની અનોખી ભકિત વંદના કરે છે. ભાતીગળ વસ્ત્રોમાં સજજ નવયૌવનનુ નર્તન નિહાળી શ્રોતાઓ પણ દંગ રહી જાય છે. મધ્યાંતરે પહોંચેલા નવરાત મહોત્સવમાં નવદુર્ગાની ભકિત સાથે નવ યૌવન હિલોળે ચઢયુ છે. કલ્ચરલ ફોરમમાં ગરબા મહોત્સવની ઉજવણી સાથે દેશભકિતનો રંગ પણ નિખર્યો છે. નવરાત મહોત્સવના બાકીના દિવસોમાં ખૈલેયાઓ મનભરીને ગરબે ઘુમી લેવા ઉત્સુક છે. પાંચમાં નોરતે પણ કલ્ચરલ ફોરમમાં ખૈલેયાઓએ જમાવટ કરી હતી.

# ગાંધીનગર તાલુકા પંચાયતમાં હિસાબોની મંજૂરી માટે ભાજપ-કોંગ્રેસ આમને-સામને

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં હિસાબો મંજૂર કરવાના મુદ્દે ભાજપ-કોંગ્રેસ આમને-સામને આવી જતાં સામાન્ય સભામાં ઉત્તેજનાઓ પ્રસરી જવા પામી હતી પરંતુ આ પછી માત્ર ઓફિસીયલ ખર્ચ અર્થાત પગાર ખર્ચ અને વહીવટીય ખર્ચને બાદ કરતાં બાકીનો ખર્ચ આગામી સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવાનો નિર્ણય લેવાયો હતો.

તાલુકા પંચાયતના હિસાબો મંજૂર કરવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો ત્યારે કારોબારી સમિતિના ચેરમેને વાંધો ઉઠાવી જણાવ્યુ હતુ કે આ હિસાબો વિભાગોના સદરવાર નથી દર્શાવાયા તેમજ તેનો ખર્ચ અભ્યાસ કરી શકીએ તેટલી વિગતો પણ નથી અપાઈ જેથી આ મુદ્દો મુલ્તવી રાખવો જોઈએ.

આ પછી તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલાએ જણાવ્યુ હતુ કે ભાજપની સરકાર છે અને અહિ ભાજપ જ સત્તા પર છે તમારે તે મંજૂર કરવા જ પડશે. અમે જેમ કહીએ તેમ કરો અને ખર્ચને મંજૂરી આપો.

બસ આ વાતનો લઈ સભ્યોમાં પણ ભારે ઉશ્કેરાટ આવી ગયો હતો. જે રીતે ઉશ્કેરાટ હતો તેને ધ્યાને લઈ બંદોબસ્તમાં આવેલી પોલીસ પણ સભાગૃહમાં આવી ગઈ હતી. જોકે આ પછી થોડીવારની જીભાજોડીને અંતે મામલો થાળે પડ્યો હતો. માત્ર વહીવટીય ખર્ચને બહાલી આપ્યા બાદ બાકીના હિસાબો આગામી બેઠકમાં રજુ કરવાનો નિર્ણય લેવાયો હતો.

આજની બેઠકમાં ઉનાવાના સભ્યના દુઃખદ અનવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ બેઠકમાં કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫ એ દૂર કરવાના નિર્ણય માટે ભારત સરકાર અને પ્રધાનમંત્રી મોદી તેમજ ગૃહમંત્રી અમીત શાહને અભિનંદન આપતો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધી જયંતિ ઉજવણી તરીકે સાદરા ગામની સમૂહ સફાઈ કરાઈ

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધી જયંતિ ઉજવણી તરીકે સાદરા ગામની સમૂહ સફાઈ કરવામાં આવી સાથે સાથે અન્ય વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુરુવાત સવારે ગાંધીજીની પ્રિય પ્રવૃત્તિ પ્રભાતફેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# નવા સેકટરોમાં પાણી ગટર વેરા વસુલાત ક્ષેત્રે ૫૦ ટકા જ કામગીરી

ગાંધીનગર તા ૪

શહેરમાં પાણી ગટર વેરા વસુલાતની નબળી કામગીરીના અંતે હવે બાકીદારોને નોટીસ આપવામાં આવશે. નગરના નવા સે-૧ થી ૧૩ માં રૂ ૧.૩૩ કરોડના બાકી માંગણા સામે માત્ર ૭૦ લાખની વસુલાત થઈ શકી છે. જયારે વસુલાતના ૧૬૦૦ જેટલા બાકીદારોને નોટીસ આપવા માટે પણ ટુંકમાં કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત અન્વયે રૂ ૧.૩૩ કરોડના બાકી માંગણા સામે માત્ર ૭૦ લાખની વસુલાત થઈ શકી છે. પાણી ગટર વેરા વસુલાત ક્ષેત્રે માત્ર ૫૦ ટકા જ વેરો વસુલી શકાયો છે.સરકાર સેકટરોમાં પાણી સપ્લાય કરવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ દર વર્ષે હાથ ધરાતી વેરા વસુલાત ઝુંબેશના અંતે નિરસતા જોવા મળી રહી છે. વેરો ચુકવવામાં જોડાણકર્તાઓ ઉદાસીનતા દાખવે છે. શહેરના સેકટરો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ વેરા વસુલાત અન્વયે ખાસ ઉઘરાણી થતી નથી એડવાન્સ વેરા વસુલાત અન્વયે દર માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરાય છે. ગત માર્ચના અંતે હાથ ધરાયેલી વર્ષ ૨૦૨૦-૨૧ની એડવાન્સ વેરા વસુલાત અન્વયે શહેરના સે-૧ થી ૧૩ માં વેરા અન્વયે રૂ ૧.૩૩ કરોડના બાકી માંગણા સામે રૂ ૭૦ લાખનો વેરો વસુલાયો છે. વેરા વસુલાત ક્ષેત્રે નબળી કામગીરી છતી થઈ છે. બીજીતરફ જુના સેકટરોમાં પણ વેરા વસુલાતનુ ચિત્ર અત્યંત નબળુ છે. પાણી ગટર વેરાના બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે તંત્ર દ્વારા બાકીદારોની યાદી તૈયાર કરી હવે નોટીસ આપવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી રહી છે. હાલની સ્થિતિએ ૧૬૦૦ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવશે.

# સે-૩ માં પાણીનો બોર ફેઈલ થતા ફોર્સ ઘટયો રહીશોમાં કકળાટ

**તંત્રએ નવા બોર માટે કોર્પોરેશનને દરખાસ્ત કરી અંદાજિત ૨૦ લાખનો ખર્ચ : પાણી ફોર્સથી મળી રહે તેવુ આયોજન કરાવા માંગણી**

ગાંધીનગર તા ૪

શહેરમાં વારંવાર પાણીનો કકળાટ ઉઠવા પામે છે. સેકટરોમાં સમયાંતરે પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠતી રહે છે. સે-૩ માં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનો આક્રોશ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. તહેવારના ટાંણે પાણી ફોર્સથી ન આવતુ હોવાથી રહીશો પણ આગ બબુલા બન્યા છે. સેકટરનો બોર ફેઈલ થતા પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે નવો બોર બનાવવા માટે તંત્ર દ્વારા કોર્પોરેશનને દરખાસ્ત કરવામાં આવી છે પરંતુ હાલની સ્થિતિએ સેકટરોમાં ફોર્સથી પાણી સપ્લાય થાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં પાણીની પોકાર સતત ઉઠતી રહે છે. સેકટરોમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાનો કકળાટ સમયાંતરે ઉઠતો રહે છે. સેકટરોમાં એક દાયકા પુર્વે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. જયારે નગરના જુના અને નવા સેકટરોમાં એક જ સમયે કોમન સપ્લાય આપવાનુ પણ શરૂ કરાયુ હતુ. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની સાથે સે-૫ માં પાણીની નવી ટાંકીનુ પણ નિર્માણ કરાયુ હતુ. શહેરમાં એક અંદાજ મુજબ સમગ્ર દેશમાં સૌથી વધુ પાણીનો માથાદીઠ વપરાશ થતો હોવાનુ મનાઈ રહ્યુ છે. પરંતુ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહેલા નગરના સેકટરોમાં પાણીની પોકાર છાશવારે ઉઠતા સ્થાનિક રહીશોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. જો કે સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેનો પ્રોજેકટ પણ તૈયાર થઈ રહ્યો છે. પરંતુ હજુ આ પ્રોજેકટ કાગળ પર છે. ત્યારે હાલની સ્થિતિએ સેકટરોમાં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા અસરકારક પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં હાલ નર્મદા ઉપરાંત બોરના માધ્યમથી પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ સેકટરોમાં જુના બોર વારંવાર ખોટવાતા પાણીના સપ્લાયમાં કાપ મુકવાની ફરજ પડે છે.

નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. ત્યારે સે-૩ માં પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરવાસીઓના મકાનમાં પાણીની ટાંકી પણ ભરાતી નથી નવરાત પર્વની ઉજવણીમાં પાણીનો વપરાશ આમ પણ વધુ થાય છે ત્યારે પાણી પુરતા ફોર્સથી ન આવતા કેટલાક ઠેકાણે ટેન્કરો મંગાવીને કામ ચલાવાય છે. બીજીતરફ દિવાળીનુ પર્વ પણ નજીકમાં છે. આવા સંજોગોમાં સેકટરનો પાણીનો બોર ફેઈલ થતા સપ્લાય પણ ઘટી ગયો છે. પાટનગર યોજના વિભાગ દ્વારા પાણીનો નવો બોર બનાવવા માટે કોર્પોરેશનને પૈસા મંજુર કરવા માટે દરખાસ્ત કરી છે. નવા બોરના બાંધકામ પાછળ અંદાજિત રૂ ૨૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

# જિલ્લામાં તુમારોના ઝડપી નિકાલ અને પડતર અરજીઓનો નિકાલ કરો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના નવનિયુક્ત જિલ્લા સમાહર્તા ડૉ. કુલદીપ આર્યએ આજે જિલ્લાના મહેસુલ અધિકારીઓની બેઠક લીધી હતી.

તેમણે આ બેઠકમાં પ્રજાભિમુખ વહીવટ બનાવવા પર ભાર મુક્યો હતો. આ બેઠકને સંબોધતાં ડૉ. આર્યએ તંત્રમાં પડતર અરજીઓના ઝડપી નિકાલ માટેની સૂચના આપી હતી. નાગરિક અધિકાર પત્ર અન્વયે પડતર અરજીઓને લઈ નારાજગી વ્યક્ત કરી હતી જો કે સમય મર્યાદામાં જ અરજીઓનો નિકાલ થાય તે માટે ખાસ આગ્રહ પણ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરે ૧૦મી ઓક્ટો.થી શરૂ થનારા સેવાસેતુના પાંચમા તબક્કાનું આયોજન બે દિવસમાં જ કરી તેમની સમક્ષ રજુ કરવાની સૂચના પ્રાંત અધિકારીઓને આપી હતી.

કલેક્ટરે તુમાર નિકાલ તેમજ તકરારી નોંધોના નિકાલ પર પણ ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે મહેસુલી વસુલાતની કામગીરી પણ અસરકારક થાય તે અત્યંત જરૂરી છે. ખાસ કરીને એક

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોની ગટરોની દુરસ્તી અને સફાઈ કરવા માંગ

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની ગટરોની સફાઈ નહિ થતી હોવાને કારણે ઉભરાઈ રહી છે એટલુ જ નહિ પણ આ ગટરો બિસ્માર બનતાં ગ્રામજનોમાં મોટી જાનહાનિનો ભય પેદા થયો છે. તંત્ર દ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી સત્વરે નહિ કરાય તો ઉપવાસ આંદોલનની ચેતવણી આજે મનપા વિપક્ષના નેતાએ ઉચ્ચારી છે.

કેપીટલ પ્રોજેક્ટના કાર્યપાલક ઈજનેર વિ. ૩ને રૂબરૂ મળી આ અંગે રજુઆત આજે સામુહિક રીતે કોંગ્રેસના કાઉન્સીલરોએ કરી છે. ગ્રામ્ય વિસ્તાર જે શહેરમાં સમાવાયો છે તેના તમામ પ્રશ્નોના ઉકેલમાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યાનો ગંભીર આક્ષેપ પણ બિહોલાએ કર્યો છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓ પાલજ, બાસણ, બોરીજ અને ઈન્દ્રોડામાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની અસંખ્ય ફરિયાદો થયેલ છે. આ ઉપરાંત કેટલીય જગ્યાએ ગટરોના ઢાંકણાઓ તુટેલી હાલતમાં છે અને કેટલીક જગ્યાએ તો ઢાંકણા જ નથી. જે ખુબ જ જોખમી સાબિત થાય તેમ છે. ગટરો ઉભરાવવાથી ગટરનું પ્રદુષિત પાણી ગામના રસ્તાઓ પર ભરાઈ જાય છે, જે વસાહતીઓના સ્વાસ્થ્ય માટે ખુબ જ જોખમી પુરવાર થઈ શકે છે તેમજ કુલ્લી ગટરો જીવલેણ સાબિત થઈ શકે છે. અમે વોર્ડ નં. ૨ ના તમામ કાઉન્સીલરોએ અગાઉ વારંવાર લેખિત-મૌખિક રજુઆતો કરેલી છે, દરેક ગામના આગેવાનોએ પણ આ બાબતે અનેકવાર રજુઆતો કરેલ છે, પરંતુ આપના તંત્ર દ્વારા કોઈ જ પગલા લેવામાં આવતા નથી અને તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. ફરિયાદ કરવામાં આવે તો આપના તંત્રના અધિકારીઓ/કર્મચારીઓ આવીને ઉપલછલ્લી તપાસ કરીને કામ થઈ જશે તેવા જુઠ્ઠા આશ્વાસનો આપીને જતા રહે છે.



જલારામ મહિલા મંડળ દ્વારા ૨જી ઓક્ટોબરના રોજ ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખાસ મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિ નિમિત્તે વૈષ્ણવ જન તો ગાઈ તેમને યાદ કરવામાં આવ્યા હતા અને પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત સંસ્થા દ્વારા ઉપસ્થિત દરેક બહેનોને કાગળની બેગ આપવામાં આવી હતી.

## બેસણું




મારા ધર્મપત્ની **અ.સૌ. હિતાબેન જાની** (ઉ.૫૭)નું તા.૩-૧૦-૨૦૧૯ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૫-૧૦-૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : ૩૬, આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર**

**જયેશભાઈ ઈન્દુલાલ જાની (પતિ)**
**રાજેશભાઈ આઈ. જાની (દિયર)** — **ભાવિની એમ. પંચાલ (પુત્રી)**
**માલિનીબેન આર. જાની (દેરાણી)** — **રૂચા પી. જાની (પુત્રી)**
**વૈભવ આર. જાની (ભત્રીજા)** — **જ્વલ જે. જાની (પુત્ર)**
**પ્રતિમા નાગેન્દ્ર ઠાકર (નણંદ-નણદોઈ)**

## પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૨-૧૯૩૮ — સ્વર્ગવાસ તારીખ : ૦૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભૂલશું નહી, વિદાય એવી લીધી કે અમે વિસરશું નહી. છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ, આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી — શોભના જગદીશચંદ્ર સોલંકી
જયશ્રીબેન પુનારામ દેવાંગન
રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર) — જાનકી રિશી દેવાંગન
રાજેશ જાદવભાઈ સોલંકી — દિપીકા રાજેશ સોલંકી
ગીતા મહેન્દ્રકુમાર ભારવા — મહેન્દ્રકુમાર રોશનલાલ ભારવા
હરેશ જાદવભાઈ સોલંકી — સુનિતા હરેશ સોલંકી
પરેશ જાદવભાઈ સોલંકી — પ્રતિમા પરેશ આચાર્ય
દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય — જીંદગી દુષ્યંત આચાર્ય
પાર્થ જગદીશચંદ્ર આચાર્ય — નેહા પાર્થ આચાર્ય
નિશિ ● ધ્રુવા ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ક્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર)

**રૂપિયા કમાવાની આકર્ષક તક**
અમદાવાદની પ્રતિષ્ઠિત ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ ટ્રાવેલ કંપની માટે.
**જોઈએ છે સેલ્સ એજન્ટ**
અનુભવી વ્યક્તિ, વગર રોકાણે પોતાના શહેર, જીલ્લા, ગામથી
**ટુર બુકિંગ કરી આકર્ષક રૂપિયા કમાઓ**
સંપર્ક : 9924423732

## પ્રાંતિજ નગરપાલિકા,
### બીજો પ્રયત્ન - જાહેર નિવિદા

આથી પ્રાંતિજ નગરપાલિકામાં આરોગ્ય વિભાગ, વૉટર વર્કસ વિભાગ તથા ઓફિસ વિભાગ માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી પાર્ટ ટાઈમ કામદારો રાખવા માટેની કામ કરતી એજન્સી પાસેથી પોતાના લેટર પેડ ઉપર ભાવ ભરીને રજી.પોસ્ટ એ.ડી.થી તા. ૧૬/૧૦/૨૦૧૯ને ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. નગરપાલિકામાં ભરીને આવેલ તમામ કે કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાના તમામ અધિકારો પ્રાંતિજ નગરપાલિકાનાં અબાધિત રહેશે.

| સહી/- | સહી/- | સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|---|---|
| (વિશાલ પટેલ) | (મહેબુબખાંન એ. બલોચ) | (કોકીલાબેન વી. પટેલ) | (નયનભાઈ બી. દેસાઈ) | (ગીતાબેન એસ. પટેલ) |
| મુખ્ય અધિકારી | ચેરમેન | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| | આરોગ્ય સમિતિ | કારોબારી સમિતિ | | |

જા.નં. ૬૩૨/૨૦૧૯-૨૦/તા. ૪/૧૦/૨૦૧૯